ગાંધીનગર સમાચાર



## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

પૃથ્વીની આ વિશાળતા અમથી નથી 'મરીઝ'
એના મિલનની ક્યાંક જગા હોવી જોઇએ.

-'મરીઝ'

### પાથેય

- રમેશ ઠક્કર

## પૃથ્વીની આ વિશાળતા...

વ્યકિત મટીને જયારે આપણે વિશ્વમાનવી બનીએ છીએ ત્યારે સમષ્ટીની વ્યાપકતાનો ખયાલ આવે છે.જે માણસ ખુલે છે એ જ જગતના પારણે ઝુલે છે..અઢારમા વર્ષે યુવાનીના સંચાર સાથે મોહનદાસ ગાંધી સમુદ્રની અફાટ જળરાશીને અતિક્રમી દક્ષિણ આફ્રિકા ગમન કરેછે ત્યારે એક નવી સૃષ્ટીને આત્મસાત કરે છે...એમની દ્રષ્ટિને બૃહદ આકાશ મળે છે..કશુંક પામવા માટે મક્કમ પગલાંની ખેપ મારવી પડે છે..જગતમાં બેઠેલાને કશું મળતું નથી જે વિસ્તરે છે એ જ વિકસે છે.

અમારી ગામઠી શાળાના આચાર્ય એ અમને જીવનમંત્ર આપેલો કે 'મન ને ખુલ્લું રાખવું..મુકતવિહાર કરવો.' બંધિયારપણું એ અભિશાપ છે..સ્વૈરવિહારની પણ અનોખી સહેલગાહ હોય છૈ...વૃક્ષ વિકસે છે...ફેલાય છે..આકાશ અસીમ છે..તરણું ખુલ્લી હવામાં લહેરાય છે..પ્રકૃતિમાં ક્યાંય બંધિયાર માહોલ નથી...માણસ પણ એના અંશ તરીકે જો વ્યાપ વધારે તો અનેક અજાયબીઓ પામતો હોય છે..આપણે જયારે વ્યાપક અભિગમ અપનાવીએ છીએ ત્યારે આપણી માન્યતાઓને નવો આયામ મળે છે..આપણે બીજાની વાતમાં પણ વજૂદ જોઇ શકીએ છીએ..

મનની બારી ઉઘાડી કરીએ છીએ ત્યારે નવી દિશાઓ ની તાજગી તરબતર કરી જાય છે. એક નવી હવાની લહેર આપણા તનબદનને નવસંચાર આપી જાય છે.વૈશ્વિક અભિગમથી જીવનાર માણસ ક્યારેય કૂપમંડૂક નથી હોતો..માણસે સમષ્ટિનું સાનિધ્ય પામવું હોય તો મુકત મને વિહરવું જોઇએ..એકવખત એ રાહ અપનાવ્યા પછી સ્થગિતતાનો શાપ આપણને લાગતો નથી એક નવ્ય કવિએ સાચું જ કહ્યું છે..

'ચાલવાના અર્થમાં ચાલ્યા પછી,
થોભવું દરવાજા જેવું હોય છે.'

આજના માણસની સ્થિતિ એવી છે કે દુનિયા એની મુઠ્ઠીમાં છે અને ચરણ અટકી ગયેલાં છે..પહેલાં દુનિયા સિમીત હતી..પગદંડીઓ જ હતી પણ માણસની ખેપ અને રઝળપાટ એને વ્યાપકતાનો એહસાસ કરાવતી...ચાલવું..વાંચવું કે લખવું એ જાણે સ્મૃતિવશ થતું જાય છે..ભૌતિકતાની દોડ માં આપણે સાચા અર્થમાં દોડવાનું ભુલી જ ગયા છીએ..દોડ શબ્દ હવે કેવળ હોડનો પર્યાય બન્યો છે..સીમાડા, શેઢા ,ગોદરું કે પાદર જેવા શબ્દો પરાયા લાગે છે..સેલ્ફીનું બીજું નામ આત્મરતિ છે...પોતાની આંખોથી માત્ર પોતાને જ નિહાળતો માણસ નેજવા ની નજરે નભદર્શન કરે એવી તો આશા પણ ક્યાંથી રાખી શકાય?

# શાંતિ અને સૌહાર્દ માટે બેઉ પક્ષ ગંભીર નથી

### તંત્રીસ્થાનેથી...

ઔપચારિકતા ખાતર અને પાકિસ્તાનના વડાપ્રધાનો દર વખતે શાંતિ અને સૌહાર્દનો આલાપ છેડતા હોય છે પરંતુ એમનાં એ નિવેદનો ફક્ત ઉપરછલ્લો સદ્ભાવ દર્શાવવા માટે જ હોય છે. કાશ્મીર પ્રશ્ન હલ કર્યા વગર શાંતિ શક્ય નથી એવા પાક વડાપ્રધાનના નિવેદનમાં ભારોભાર સચ્ચાઈ છે. એમના માટે એ પ્રતિષ્ઠાનો પ્રશ્ન છે. ભારત કાશ્મીરને પોતાનું અભિન્ન અંગ ગણે છે પણ પાકિસ્તાને એ વાત ક્યારેક સ્વીકારી નથી. પોતાના જ દેશમાં ફાંસીએ ચડાવાયેલા પૂર્વ વડાપ્રધાન ઝુલ્ફીકાર અલી ભુટ્ટોએ કાશ્મીર માટે હિંદુસ્તાન સામે એક હજાર વર્ષ લાંબી લડત ચલાવવાની તૈયારી દર્શાવેલી તે યાદ કરો. દેશના ભાગલા વખતે કબાઈલીઓના વેશમાં પાક આર્મીએ અડધાથી વધારે કાશ્મીર તો કબજે કરી જ લીધું હતું. એ પછી પ્રશ્ન લટકતો જ રહ્યો છે. એલઓસી અને એલએસી જેવી કરામતો વચ્ચે પ્રજા પિસાઈ રહી છે. કાશ્મીરી મુસલમાન માટે હિંદુસ્તાન કરતાં પાકિસ્તાન વધારે પોતીકું છે એની સાબિતી પણ વારંવાર થતા હુમલાઓ, ઘુસણખોરી અને કાશ્મીરી પંડિતોની બેરહેમ હકાલપટ્ટી જેવા પ્રસંગોમાં મળતી રહી છે. ભારત માટે કાશ્મીર સોનાનો મુગટ પણ નથી રહ્યું કે નથી રહ્યું એ સોનાનાં ઈંડા મૂકતી મરઘી. કાશ્મીર ભારતીય જવાનો માટે સ્વર્ગ નહીં પણ નરકનું લોહીનું ખાબોચિયું જ સાબિત થયું છે અને કરદાતાઓના પરસેવાની કમાણી મફતમાં ઓહિયાં કરતો બિનઉપજાઉ પ્રદેશ બની રહ્યું છે. ક્યારેક બેઉ દેશો વચ્ચે થયેલી સમજૂતી મુજબ તો કાશ્મીરી પ્રજાનો લોકમત સંગ્રહ કરવાની શરત હતી. ભારત એવું જોખમ ઉઠાવવાની હિંમત કરી શક્યું નથી. કારણ કે પરિણામ શું આવશે એની એને ખાતરી છે. આવા સંજોગોમાં પાકિસ્તાને એની પ્રકૃતિ મુજબ ભારતને આ મુદ્દે હંમેશને માટે હેરાનગતિનો માર્ગ અપનાવ્યો છે અને કદાચ પાકિસ્તાની પ્રજાને પણ એ પસંદ છે. આથી વડાપ્રધાન પદે કોઈ લશ્કરી વડો બેસે કે ચૂંટાયેલો જનપ્રતિનિધિ: એના એજન્ડામાં કાશ્મીર અગ્રસ્થાને રહે છે. કાશ્મીરમાં રહેતા અથવા બહાર રહીને પણ કાશ્મીરની પ્રજા પર પ્રભવ ધરાવતા નેતાઓ ભારત સાથેના કાશ્મીરના જોડાણનો ગેરલાભ ઉઠાવતા રહ્યા છે અને એને છેક વરસદહાડા પૂર્વે સમાપ્ત થયેલ ખાસ દરજ્જાની તરફેણ કરતા રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહે અપ્રતિમ સાહસ દાખવી ૩૭૦મી કલમ અને ૩૫-એ નાબૂદ કર્યા પછી પણ કાશ્મીર, જમ્મુ અને લદ્દાખ - એમ ત્રણ પ્રદેશોમાં જૂના જમ્મુ અને કાશ્મીરને વિભાજિત કર્યા પછી પણ કાશ્મીરમાં અમનશાંતિ છે એવું ભાગ્યે જ કહી શકાય. અલગતાવાદી તત્ત્વો હજી પણ સક્રિય છે. પંડિતો પાછા ફરતાં ગભરાય છે. નવા વડાપ્રધાન શાહબાઝ શરીફે શપથ લેતાં પહેલાં જ કાશ્મીર રાગ છેડીને એ મુદ્દો જીવતો રાખવાની કોશિશ કરી છે. કાશ્મીર મુદ્દે ભારતના આંતરરાષ્ટ્રીય પ્રભાવને કારણે ભલે કેટલાક ઈસ્લામિક રાષ્ટ્રો પણ મૌન હોય પરંતુ એથી એ ઊકળતો ચરુ ઠંડો થઈ ગયો છે એમ માની લેવાની જરૂર નથી. ઈમરાનખાન જેવા 'ખેલદિલી' ધરાવતા વડાપ્રધાને પણ કાશ્મીર મુદ્દે ભારત વિરુદ્ધ ઝેર ઓકવામાં જ શ્રેય જોયું હતું. નવાઝ શરીફ જેવા સૌમ્ય વડાપ્રધાનને સેનાએ આ જ મુદ્દે પદભ્રષ્ટ કર્યા હતા. મુશર્રફ જેવું લુચ્ચું શિયાળ કાશ્મીર પ્રશ્નના રાજકારણથી જ સત્તા ભોગવી શક્યું હતું. ખાસ તો 'બાંગ્લાદેશ'ના નિર્માણ પછી પાકિસ્તાનના રાજકારણીઓ માટે કાશ્મીર વધુ ઉગ્ર મુદ્દો બની રહ્યું છે. પાકિસ્તાન વેર વાળવા માગે છે. શાંતિની વાતો માત્ર રાજકીય દંભ છે.

# ગુજરાતી ફિલ્મોએ પડખું ફેરવ્યું છે



### મન-રંજન
દ્વનિલ પારેખ



ગુજરાતી ફિલ્મના ઈતિહાસની વાત કરીએ તો બાણું વર્ષ થયા. આ બાણું વર્ષમાં ગુજરાતી ફિલ્મોમાંથી જોવાલાયક ફિલ્મોની યાદી બનાવીએ તો કદાચ બાણુંથી પણ અડધી ફિલ્મોની યાદી બને એમ છે. એનો અર્થ એ થયો કે સ્વતંત્રતા પૂર્વે અને સ્વતંત્રતા પછી ગુજરાતી સિનેમા પ્રત્યે જેટલું ધ્યાન અપાવું જોઈતું હતું એટલું ધ્યાન અપાયું નથી અને આજે પણ એ સ્થિતિમાં બહુ ફેર પડ્યો એવું નથી.

ભક્ત કવિ નરસિંહ મહેતાથી શરૂ થયેલી ગુજરાતી ફિલ્મ અને પ્રાદેશિકતાના વર્તુળમાંથી મોડા સમય સુધી બહાર નીકળી શકી નહોતી. ગુજરાતી પ્રજા તરીકે આપણે કાઠિયાવાડી અને બહારવટિયાઓની ફિલ્મોને ગુજરાતી ફિલ્મનોનો પર્યાય ગણીને સસ્તાં મનોરંજન તરીકે પ્રોત્સાહન આપતા રહ્યા. પ્રજા તરીકે આપણી પણ એ નબળાઈ રહી કે સારી ગુજરાતી ફિલ્મોની આપણે ખેવના ન કરી કે એ દિશામાં જિજ્ઞાસા પણ ઊભી ન કરી. એકની એક ચવાયેલી ફિલ્મો અને કથાઓને માણતા રહ્યા. ઉપેન્દ્ર ત્રિવેદી, નરેશ કનોડિયા, સ્નેહલતા, હિતેન કુમાર વગેરે ફિલ્મો જ ગ્રાણી વર્ગ માણતો રહ્યો. આ પ્રકારની ફિલ્મમાં કથા-પટકથા, સંવાદ, સંગીત, નિર્દેશનને સ્તરે એટલી બધી કંગાલિયત હતી કે ગુજરાતી ફિલ્મો સામે દેશમાં કાંઈ જોતું પણ નહોતું. ગુજરાતી પાસે સારા કલાકારો કે દિગ્દર્શકો નહોતા એવું પણ નહોતું. કેતન મહેતા એ રીતે મોટું નામ છે. કૃષ્ણકાંત મહેતા (કે.કે) પણ મોટું નામ હતું. પરેશ રાવલ, મનોજ જોશી, વિપુલ અમૃતલાલ શાહ, શેફાલી શાહ ઘણા મોટાં નામો હતા પણ એમને હિન્દી ફિલ્મોમાં રસ વધારે લીધો. કારણ દેખીતું છે કે, માર્કેટિંગ વધારે મળે. હમણાં પરેશ રાવલે લાંબા સમય બાદ ડબલ રોલ વાળી ગુજરાતી ફિલ્મ 'ડિયર ફાધર' કરી. એ જ નામના નાટક પરથી તૈયાર થયેલી એ ફિલ્મ બહુ ચાલી નહિ.

અત્યારે તો ગુજરાતી પડદા પર મલ્હાર ઠાકર અને પ્રતીક ગાંધીનું રાજ છે. આ બંને અત્યારે ગુજરાતી ફિલ્મોના સુપરસ્ટાર છે. હિતેન કુમાર પછી હવે એ લોકોનો ડંકો વાગે છે. પરંતુ ગુજરાતી ફિલ્મો આવે છે ને ક્યારે જતી રહે છે ખબર પડતી નથી. હમણાંને હમણાં 'રક્તબીજ', 'ધુમ્મસ,' 'ગજબ થઈ ગયો' જેવી નવી ગુજરાતી ફિલ્મો આવી પણ એના વિશે ભાગ્યે જ ચર્ચા થાય છે. છેલ્લે '૨૧મું ટિફિન' ફિલ્મે જે ઉત્કંઠા જગાડી હતી એ હવે જોવા નથી મળતી. આમ, પણ ગુજરાતી ફિલ્મ અર્બન બની છે પણ એણે હજી લોકપ્રિયતા મેળવવાની બાકી છે. પણ એણે હજી લોકપ્રિયતા મેળવવાની બાકી છે. 'હેલ્લોરો' ની જેમાં ટિકિટબારી ગજવવાની બાકી છે. ગુજરાતી ફિલ્મોએ આંતરરાષ્ટ્રીય સ્તરે હજી મોટી હરણફાળ ભરવાની બાકી છે. હા, પણ ગુજરાતી ફિલ્મોએ પડખું ફેરવ્યું છે એની ના પાડી શકાય એમ નથી.

### દિન મહિમા

- ૧૯૧૯ - જલિયાવાલા બાગ હત્યાકાંડ

### આજનું ઔષધ

- તુલસી અને સુરજમુખીના પાન વાટીને તેનો રસ પીવાથી બધી જાતનો તાવ મટે છે.

### ખડખડાટ

- ડૉક્ટર : તમારા આ ત્રણ દાંત કઈ રીતે તૂટ્યા ?
મરીઝ : પત્નીએ કડક રોટલી બનાવી હતી.
ડૉક્ટર : તો ખાવાની ના પાડવી જોઈએ ને ?
મરીઝ : હા, એ જ કર્યું હતું...!!!

### આજનો વોટ્સએપ

- વ્યક્તિને ઉંમર થતાં માન જરૂર મળે છે, પરંતુ આદર તેનાં વ્યવહારથી જ મળે છે.

## 'જીદ કરીને બધું ગમતું છીનવી લેવાની આદતો પાડીએ ને છેલ્લી ઘડીએ જિંદગી રિસાઈ જાય એમ પણ બને.'..... કરીએ ચિંતા રાત દિવસ, વિલાપમાં આંસુ સારતા રહીએ ને સિકંદર જેવી જાહોજલાલી આજીવન મળે એમ પણ બને..'

### એમ પણ બને...
પારૂલ અમિત



આજે મારી અને મારી સાથે કામ કરનાર ઘણાં બધાં કર્મચારીની ટ્રાન્સફર થઈ.

જોકે નોકરી ના સ્થળમાં અને કાર્યમાં બદલાવ આવવો એ આ કોઈ નવી વાત નથી.

પરંતુ આ શહેર છૂટી જશે એ વિચારે એક લાગણી ઉભરી આવી કે જયારે ભાગલા થયાં હતાં ત્યારે એતમામ લોકોની દેશ છોડીને જતી વેળાએ કેવી મનોસ્થિતિ હશે.

બાપરે આ ઘર, આ બારી, આ રસ્તા, આ નહેર, આ ઝાડ, આ શહેર બધું છોડીને જવાનું.

આ હવા હવે મને સ્પર્શી શકે, એ ગલીઓ જ્યાં ફરતાં હતાં, જ્યાં મસ્તી, પ્યાર, રીસામણા અને કેટલાં કિસ્સા બન્યા છે આ બધું જ...

એ સહકમર્ચરીઓ, એ ઓફિસ, એ ટેબલ અને કામનાં ભારણ વચ્ચે એ ચાની ચૂસ્કી અને સાથે કરેલાં કાર્યો અને લંચ બોક્સ શેર કરવાની ઘડી. આ બધામાં પરિવર્તન આવી જશે.

એક નાના એવાં બદલાવથી કેટલાં પરીવર્તન આવે છે જીવનમાં.

પડકાર સર્વિસ માં આવે જયારે ટ્રાન્સફર દૂર થાય ત્યારે ઘર, અને કાર્ય સ્થળમાં પરિવર્તન થાય ત્યારે માનસિક સ્થિત ડામાડોળ જરૂર થાય છે. થોડું ઘણું સંકટ, અને સંઘર્ષ જેવું જરૂર લાગે છે.

આપણે એવું સમજી બેઠાં હોઈએ છીએ કે આપણા જીવનમાં મળ્યું બધુ આપણું પોતાનું છે. સ્થાઈ છે.

આપણે ક્યાં ઝાડ છીએ કે એક સ્થળે થી બીજાં સ્થળે સ્થળાંતર ના કરી શકીએ. મારાં માટે તો આખું વિશ્વ મારું. નવી જગ્યા નવી આબોહવા અને નવાં લોકો. જાણીએ સમજીએ અને સ્વીકાર કરીએ.

ચિંતા અને હતાશા શા માટે? કોઈ શહેર સારું, કોઈ ખરાબ હોઈ શકે ખરું? આખું વિશ્વ સુંદર છે. આપણને બધું ગમતું, નજીક અને સુખ સગવડ વાળું જોઈએ છે. કશું દૂર નથી, કશું નજીક નથી બધું ત્યાં ને ત્યાં જ છે. બસ માણવા માટે નજર જોઈએ. ચાલો એવું જીવીએ કે આપણા આગમનથી હવાઓ થનગની ઉઠે, દિશા મુસ્કુરાતી થઇ જાય અને હોય જો ખંડેર આસપાસ તો એ પણ મહેલમાં ચણાતું થઈ જાય. પહેલાં થોડું દુ:ખ જરૂર થતું પરંતુ શ્રી કૃષ્ણના જીવનમાં એ શીખી કે જે છૂટ્યું એનો અફસોસ કર્યા વગર જયાં ગયાં , જ્યાં વસ્યાં ત્યાં નવું કાર્ય હાથ માં લઇ લીધું. મને હવે એમાં પણ આનંદ આવે છે. અલગ અલગ શહેરમાં જવું, અલગ અલગ જગ્યાએ રહેવું, એ બધા માણસોને, ત્યાંની બોલીને સમજવું અને કામમાં સમર્થન આપવું મને ગમવા લાગ્યું છે. એક કવિનો યાદ આવ્યો કે 'કદી આગ સમ કદી નીર સમ, કદી આશ લઈ કે નિરાશ થઈ, મળી જિંદગી મને જે રીતે , મેં વધાવી લીધી છે પ્યારથી'

મારા વિચારો લખાયેલા શબ્દો જ્યાં ત્યાં પહોંચે તેના પ્રતિભાવો જાણી મને મારો જન્મ સાર્થક થતો લાગે છે. બસ મને મારા જીવન પ્રત્યેનો પોઝિટિવ અભિગમ ગમે છે, મને કંઈ જ ગુમાવ્યાનો વસવસો નથી.

બસ બધું પામ્યાનો આનંદ છે, બસ મને જે આકાશ મળ્યું છે તેમાં હું સૌને સાથે લઈને ઉડવાનું પસંદ કરું છું.

પ્રાસ્તાવિક જીવનની ઘટમાળ દરમિયાન ઘણાં એવા પડાવ , વળાંકો આવે છે કે જે જિંદગી જીવવાના, પારસ્પરિક સંબંધો વિશેનાં બધાં જ મંતવ્યો , સમીકરણો , ધારણાને છિન્નભિન્ન કરી નાખે છે - બદલી નાખે છે. સ્વજનો પ્રત્યેનાં સહજ અભિપ્રાયોને બદલવા, તેની નવેસરથી સમિક્ષા કરવા મજબૂર કરી મૂકે છે . ... કંઈક આવી જ કથાવસ્તુ સાથે - સમયાંતરે પરિવર્તન પામતાં અભિપ્રાયો , આઘાતો - પ્રત્યાઘાતો , મનોમંથનો , પ્રેમ અને માર્મિક સંવેદનોની ભરતી અને ઓટ - થોડી ખુશી , થોડી પીડા , થોડી મનોવ્યથા , થોડી હતાશા - માનસપટલ પરનાં થોડાં નસ્તરો અને એમાંથી ઉગરવાના માનવસહજ પ્રયત્નોની નિષ્ફળતા અને સફળતાનાં અનેરા કિસ્સા કંડારીને પરિવર્તનની આ ભાષાને સમજી લઈએ.

થોમસ ફુલર કહે છે કે,

'દરેક વસ્તુ ત્યાં સુધી મુશ્કેલ લાગે છે, જ્યાં સુધી તે સરળ નથી થઈ જતી'-.

ઘણાં લોકો એવું માનતા હય છે કે પોતે ઈશ્વરના દૂત છે, એમને બધું નજીક અને સરળ જ મળશે, સંઘર્ષ બીજાને આવે પોતાને શાંતિ મળે બસ.

પરંતુ કઈક મેળવવું અને હાસિલ કરવું ગમતું નથી પોતાની કાબેલિયત. અમુક માણસોને તો ગમે છે ,યોગ્યતા વગર ચાપલૂસી કરીને મેળવવું.

આજનાં યુગમાં ચાપલૂસી ની બોલબાલા છે.પરંતુ કેટલો સમય ? પ્રગતિ એમનો જ દરવાજો ખખડાવે છે જે યોગ્યતા માટે પોતાને કામમાં સમર્પિત કરી જાણી છે.

સફળતા માટે સંઘર્ષ જરૂરી છે ,એ સાચું પણ ખુદને એકસિલન્ટ નું સર્ટિફિકેટ આપવું પણ જરૂરી છે. ઢસરડા કરવાથી સફળતા નહિ પરંતુ યોગ્ય કાર્ય, યોગ્ય સમયમાં કરવું ને સફળતા કહી શકાય.

શા માટે કાર્યસ્થળ પર અમુક જગ્યા, અમૂક વિસ્તાર આપણને મુશ્કેલ લાગે છે?

કારણ અનુભવ નો અભાવ અને બીજાના પ્રતિભાવ. આખી પૃથ્વી પર અમુક જગ્યા સારી અને ખરાબ લાગે. કયા સર્વે ના આધારે. કદાચ સાથીદારના પ્રતિભાવ, રિવ્યુ ના આધારે જ. બંધાને સારું અને ઉત્તમ જ જોઈએ છે.જગ્યા, વાતાવરણ, સાથીદાર અને સુવિધા. ઈશ્વરે હવા, પાણી અને ખોરાકની વ્યવસ્થા માનવ સર્જન કરતાં પહેલાં જ કરી દીધી હશે.

તો કહી શકાય કેદરેક જીવ જન્મજાત જ વી. આઇ. પી હોય છે. જો આવું ના હોત તો આવી વ્યવસ્થા ઈશ્વરે કરવી પડી હોત?

તો શા માટે લોકો ડરી જાય છે નજીવા જીવનમાં ફેરફાર આવતાની સાથે જ.

શા માટે કઈક મેળવવાં થોડું તપવા કે ટકોરા પડે એવું નથી ઈચ્છતા.

મૂર્તિકાર મારબલને ટકોરા મારીને જ પૂજાય એવી મૂર્તિને આકાર આપી શકે છે.

મારબલના ટુકડા પર હથોડા નથી વાગતા ત્યાં સુધી એ પથ્થર તરીકે જ ઓળખાય છે.

તો ઓળખ ઉભી કરવા થોડાક પ્રહાર, મુશ્કેલી આવી જાય તો યાદ રાખવુ નક્કી ચોક્કસ ઓળખ ઊભી થશે.

આપણે ખરાબ જે ખરેખર ખરાબ હોતું નથી. એને અનુભવ્યા વગર ઈશ્વરને માથે દોષ આપી દઈએ છીએ.

જો આપણે માંગી એ એ બધુ મળી જતું હોત તો અનર્થ થઈ જાય. જો ખોટું હોય તો જીવનના અમૂક પાના ને પલટાવી જુઓ.

અહેસાસ થશે કે હા દરેક ઈચ્છા સાચી નહોતી જ.

આનું કારણ છે આપણી વિચારસરણી.

આપણી પાસે વિચાર કરવાની શકિત અને સમય જ નથી. આપણે હમેશાં બીજાના અનુભવ પર ચલતા આવ્યા છીએ. આત્મનિરીક્ષણ કરીને કે આપણા અંતરમનમાં આપણી મનોદશા ને સમજ્યા વગર જ આ સારું ,આ ખરાબ માની લઈએ છીએ.

ચાલો જેમ સૌંદર્ય , શોપિંગ કે સજાવવા પાછળજેટલો સમય લગાવીએ છીએ એટલો જીવનની સાચી દિશા ને જાણવા માટે લગાવીએ.

મૂશ્કેલ જરૂર લાગશે પણ ત્યાં સુધી જ્યા સુધી મેળવી નહી લો.

જો દિશા, સ્પષ્ટ ધ્યેય હશે તો સફળતા હાંસિલ કરવાં માટે પરિવર્તન કે કોઈ મુશ્કેલી આડે નહી આવે. અને ચાપલૂસી તો ડોકાશે પણ નહી.

શ્રેષ્ઠ મેળવવું, પામવું અને ભોગવવું હોય તો પોતાની આંતરિક શક્તિને ઓળખવી.

દુનિયાની બધી તાકાત પોતાનાં મન પાસે હોય છે. મન સાથે જેટલા કલિયર એટલા જીવન સાથે પણ.

# સંવેદનશીલતા માત્ર માનવ જીવનની કરૂણતાઓ માટે જ કેમ ?

### જાત સાથે વાત
ધર્મેન્દ્ર ત્રિવેદી



'હું ખૂબ સંવેદનશીલ છું" આવું આપણે બીજાને કહીએ છીએ ત્યારે શક્ય છે કે અન્યોને તો છેતરી રહ્યા હોઈશું, પરંતુ વધુ તો આપણે જાતને છેતરી રહ્યા હોઈએ છીએ અને આપણા સંવેદનશીલ હોવાને કોઈના દેખીતા દુઃખો સાથે સાંકળી લીધું હોય છે. કોઈ બાળકને ઠેલો ખેંચતાં જોઈ, કોઈ વૃદ્ધને અનાજની બોરીઓ ઉચકતાં જોઈ, કોઈ અંધની દશા પર આપણે દ્રવી ઉઠીએ છીએ. પરંતુ આ તમામ સંવેદનશીલતા માનવજીવનની કરુણતાઓ સાથે સંકળાયેલી છે. શા માટે આપણી સંવેદનશીલતા એક પ્રજાતિ પુરતી જ સીમિત બની ગઈ છે ? શું સાચા અર્થમાં આપણે સંવેદનશીલ રહ્યા છીએ કે નહીં એ પ્રશ્ન પણ થાય. આ સમયે ઘણી સુખદ, ઘણી હળવી અને મજાકિયા ઘટનાઓ ત્રીસ વર્ષ જૂની સ્મૃતિ-મંજૂષામાંથી ઊભરી ઊભરીને સપાટી પર આવી રહી છે.

એક સમય હતો, જ્યારે પ્રકૃતિને થતા થોડા અમસ્તા નુકસાનથી મન-હૃદય વ્યથિત થઈ જતાં અને છેલ્લાં ઘણાં વર્ષો પછી પરિપક્વતા કહો તો પણ ભલે, અને જડતા કહો તો પણ ભલે, હવે મન કોઈ પણ ઘટનાને એકથી વધુ દૃષ્ટિકોણથી મૂલવતાં શીખી ગયું છે. છેલ્લા થોડા દિવસોથી એક-બે ઘટના વારંવાર યાદ આવે છે. અમરેલીની અમારી શાળાના પ્રાંગણમાં આવેલા એક મોટા વૃક્ષ પર મધિયા બાજ પક્ષીએ માળો બનાવેલો. માદાએ ઈંડાં મૂક્યાં ત્યારથી નરની અવર-જવર વધારે થઈ ગયેલી. અમે બાજુના વૃક્ષ ઉપરથી તે મધિયા બાજના માળા પર 'બાજ-નજર' રાખતા. ઈંડામાંથી નીકળેલાં બચ્ચાં દેખાવા લાગ્યાં. આ બચ્ચાંનાં મા-બાપ વહેલી સવારથી જ બચ્ચાં માટે શિકાર કરવા નીકળી પડે. આ બચ્ચાં આકાશમાં ડોળા ફાડીને પોતાનાં મા-બાપના ઈંતજારમાં ચિચિયારીઓ કરતા રહેતાં. થોડા દિવસોમાં તો બચ્ચાં સારાં એવાં મોટા થવા લાગ્યાં. અચાનક એક દિવસ બાજુના વૃક્ષ ઉપરની અમારી પોસ્ટ ઉપરથી અમે જોયું કે બે-અઢી કલાક થયા છતાં આ બચ્ચાંનાં માતા-પિતામાંથી એક પણ દેખાયું નહીં. બચ્ચાં ભૂખનું આક્રંદ કરતાં કરતાં સૂઈ ગયાં. અમને ચિંતા થઈ, એટલે બપોર પછી સ્પેશ્યલ "વૉચ" ગોઠવી, તો આ વૉચમાં એ જ સ્થિતિ. આમ બીજા દિવસે પણ એ જ સ્થિતિ, અમારી ચિંતા હવે ઘેરી બનવા લાગી. શંકા-કુશંકાઓથી મન-હૈયાં ભરાઈ ગયાં. કેમ આ મધિયાં નહીં આવતાં હોય? આ બચ્ચાંનું શું થશે ? બચ્ચાંને રેઢાં મેલીને અલોપ થઈ ગયેલી મધિયા બાજની જોડી આવે કે ન આવે, પણ આ બચ્ચાંને મરવા ન દેવા માટે શું કરવું એ નક્કી કરવા અમે તાકીદે 'વૉર કાઉન્સિલ' ની બેઠક બોલાવી. આ બચ્ચાંને માંસાહાર માટે શાળાના આંગણમાં આવેલાં વૃક્ષો પરથી કાચીંડા પકડવાના તમામ પ્રયત્નો નિષ્ફળ ગયેલા.

અમારા એક મુસ્લિમ મિત્રએ સૂચવ્યું કે મટન માર્કેટમાંથી મટનનો કીમો લાવીએ! અમે બધાએ પોતપોતાનાં 'સાંકડાલ્ล ખિસ્સાંમાંથી ખીસ્સાખર્ચની આછી-પાતળી રકમ કાઢી તેમાંથી લાવ્યા મટન-કીમો. કચવાતે મને ભૂખ્યા ડાંસ મધિયા બાળના પેટ ભર્યાં. એમના સંતોષ અને આનંદની કિલકારીઓ સામે "મટન" ને અડવાનું પાપ અમને સાવ ગૌણ લાગેલું. ઘરે જઈને નહાતી વખતે 'ઓમ નમઃ શિવાય, ઓમ નમઃ શિવાય" બોલતાં બોલતાં અમે આમારા અંતરાત્માને ચકચકિત કરવા પ્રયાસ કરેલો અને આ બચ્ચાંના જીવન માટે જરૂર પડે કદી ન ધોઈ શકાય તેવાં પાપ કરવાં પડે તો પણ કરીશું એવો નિર્ણય પણ થયેલો !

ખીસ્સા ખર્ચી ખૂટી, હવે શું કરવું ? અમારી ચરકટ ચોકડીનો એક મિત્ર જી.ઈ.બી. કોલોનીમાં રહે. તેણે કહ્યું જી.ઈ.બી.ના થાંભલાની ડી.પી.ના ફ્યુઝમાં તાંબું હોય. એક શેરીના પાંચ થાંભલાના ફ્યુઝ કાઢીને કંસારા બજારે વેચીએ તો આ બચ્ચાં માટે એક દિવસનો કીમો આવી જાય ! પકડાઈ ન જવાય એ માટે રોજ અલગ અલગ વિસ્તારોની શેરીઓમાં ધાડ પાડવાનું આયોજન થયું. આમ અનેક દિવસો સુધી અમરેલી શહેરના અલગ અલગ વિસ્તારોની શેરીઓ અચાનક જ અંધારામાં ડૂબી જતી. જનતાએ એકાદ રાત ભોગવેલા અંધકારના કારણે મધિયા બાજના ત્રણ બચ્ચાંના જીવનમાં જે ઉજાસ ફેલાયેલો તે અમે સાક્ષાત અનુભવેલો.

એક સવારે મટન ખીમાથી ભરાયેલા પેટે આ બચ્ચાઓએ પોતાની પાંખો ફેલાવેલી, ફફડાવેલી. ત્રણે ટીનેજ મધિયાં બાજે ધીમી પણ મક્કમ ગતિએ હવામાં ઉડાન ભર્યાની યાદ માત્રથી અમારા પેન્ટ-શર્ટ અચાનક જ ચડ્ડી-ખમીસમાં અને સુઘડ ઓળેલા વાળ અચાનક જીથરામાં ફેરવાઈ જાય છે.

**હેન્ડબ્રેકઃ**

'પક્ષીઓના પ્રભાતિયામાં શાશ્વત જીવનનો મહિમા ગુંજી ઉઠે છે'

- અમિત રાય

- djtrivedi@gmail.com
9978405967